# શિક્ષણમાં વેપાર : ખેડબ્રહ્માની કે.ટી. હાઈસ્કુલમાં મફત કન્યા શિક્ષણને ગળેટૂંપો : ફીનું ઉઘરાણું

## કન્યા કેળવણી મફત છતાં પૈસા કોના ઈશારે ઉઘરાવ્યા, તપાસ થાય તો ચોંકાવનારી વિગત સામે આવે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

રાજ્યની ભાજપ સરકારે કન્યાઓ ઉચ્ચ શિક્ષણ મેળવે તે માટે કન્યા કેળવણી મફત કરી છે. કોરોનાના કપરા કાળ પછી તા.૭ જૂનથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો. તાજેતરમાં ધો.૧૦ બોર્ડનું પરિણામ જાહેર થયું અને ધો.૧૧માં પ્રવેશ પ્રક્રીયા શરૂ કરવામાં આવી છે ત્યારે ખેડબ્રહ્માની કે.ટી. હાઈસ્કુલમાં વિદ્યાર્થીનીઓ દીઠ રૂા.૧૫૦૦ ઉઘરાવાતા હોવાની વિગતો પ્રકાશમાં આવતાં હલચલ મચી ગઈ છે. કન્યા કેળવણી મફત છતાં પૈસા કોના ઈશારે ઉઘરાવ્યા..?? તેની તપાસ થાય તો ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી શકે છે.

### ભૂલથી ૨ વિદ્યાર્થીનીઓની ફી ઉઘરાવી : આચાર્ય

બાયડ : ખેડબ્રહ્મા કે.ટી. હાઈસ્કુલના આચાર્ય કપિલભાઈ ઉપાધ્યાયનો સંપર્ક કરતાં શરૂઆતમાં તો તેઓએ ફી ઉઘરાવતા નથી તેવું વટ સાથે જણાવ્યું પરંતુ અમારી પાસે વિગત છે તેવું જણાવતાં નવા નિમાયેલા શિક્ષકોને ખબર ન હતી જેથી ૨ વિદ્યાર્થીઓની ફી ભૂલથી ઉઘરાવી છે તેવો ટેલિફોન ઉપર એકરાર કર્યો છે.

શિક્ષણમાં ભ્રષ્ટાચારનો સડો જગજાહેર છે બોગસ ભરતી થયેલા ૪૨ શિક્ષકોએ જિલ્લાના વિદ્યાર્થીઓને ૩ વર્ષ સુધી ભણાવ્યા છતાં કુંભકર્ણની નિંદ્રામાં આળોટતા શિક્ષણ વિભાગને તેની ગંધ શુદ્ધ ન આવી પરંતુ ભાંડો ફૂટ્યા પછી જિલ્લાની ૫ શાળાઓમાં બોગસ ભરતી કૌભાંડ બહાર આવ્યું અને ત્યારબાદ ૨ ડી.ઈ.ઓ.ને જેલમાં ધકેલવામાં આવ્યા. જ્યારે સરકાર દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવતા પાઠ્યપુસ્તકો પણ વેચી મારવાનું કૌભાંડ જિલ્લામાં નોંધાયું હતું અને હવે કન્યા કેળવણીના નામે પૈસા ઉઘરાવવાનો ખેલ શરૂ થયાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી શકે છે. જાગ્રત વાલીના જણાવ્યા અનુસાર તેઓ ખેડબ્રહ્મા કે.ટી. હાઈસ્કુલમાં પોતાના સંતાનના પ્રવેશ માટે પહોંચ્યા જ્યાં રૂા.૧૫૦૦ ફી ની માગણી કરતાં કન્યા કેળવણી મફત છે એટલે ફી શાની હોય તેમ જણાવ્યું પરંતુ ફી તો આપવી પડશે તેવો હઠાગ્રહ થયો. સંતાનના સારા ભવિષ્ય માટે ખટરાગ ન થાય તે માટે ૧૫૦૦ રૂા. ફી આપી. પાવતી માંગતાં પાવતી આપવાનો ઈન્કાર થયો અને માત્ર કાગળ ઉપર રૂા.૧૫૦૦ લખીને વાલીને રવાના કરી દીધા. રાજ્યની ભાજપ સરકાર કન્યા કેળવણી મફત કરી છે તો પછી ખેડબ્રહ્માની કે.ટી.હાઈસ્કુલમાં કન્યાઓના પ્રવેશ સાથે રૂા.૧૫૦૦ની ફી ઉઘરાવવાનું કારણ શું..?? કહેવાય છે કે શૈક્ષણિક સંસ્થામાં ૫૦૦ થી વધુ કન્યાઓ અભ્યાસ કરે છે અને તેમની પાસેથી આવી જ રીતે ગેરકાયદે ફી ઉઘરાવી હોય તો આવી રકમ જાય છે ક્યાં..??

### ફી ઉઘરાવી ન શકાય : તપાસ થશે, ડી.ઈ.ઓ.

બાયડ : સાબરકાંઠા ડી.ઈ.ઓ. સંજયભાઈ વ્યાસનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે ગ્રાન્ટેડ શાળાઓમાં કન્યા કેળવણી મફત છે, એકપણ રૂપિયો ફી આપવાની નથી અને જો ખેડબ્રહ્માની કે.ટી. હાઈસ્કુલમાં કન્યાઓ પાસેથી રૂા.૧૫૦૦ ફી ઉઘરાવી હશે તો તપાસ કરી સંસ્થા કસૂરવાર હશે તો કાર્યવાહી કરાશે તેમ જણાવ્યું હતું.

# પ્રાંતિજ ખાતે મોદી સમાજના નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી

## પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી સહિતના હોદ્દેદારોની નિમણુક કરવામા આવી : અગાઉના હોદ્દેદારોને સન્માન સાથે વિદાય અપાઇ



પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતા મોદી સમાજ દ્વારા સમાજ ના નવા હોદેદારો ની વરણી સર્વાનુમતે કરવામા આવી તો અગાઉના હોદ્દેદારોને સન્માન સાથે વિદાય અપાઇ .

પ્રાંતિજ ખાતે રહેતા મોદી સમાજ દ્વાહરા છેલ્લા કેટલાય વર્ષોથી મોદી સમાજ મંડળ ની રચના કરવામા આવી છે જેમા મંડળ ના ચાલુ હોદ્દેદારોની ટમ પુર્ણ થતા નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામા આવી હતી જેમા પ્રમુખ તરીકે પંકજભાઇ સોમાલાલ મોદી, ઉપપ્રમુખ તરીકે રાજેશકુમાર. ડી.મોદી, મંત્રી તરીકે પરેશભાઇ. જે.મોદી, સહમંત્રી તરીકે રાજેશકુમાર રસિકલાલ મોદી, એકાઉન્ટ તરીકે મહેન્દ્ર કુમાર એ.મોદી તેમજ ઓડિટર તરીકે મનોજ કુમાર આર.મોદી ની સર્વાનુમતે વરણી કરવામા આવી હતી જેને સમાજ ના લોકોએ વધાવી લીધી હતી તો ગત વર્ષ ના પ્રમુખ ભાવેશ કુમાર એન.મોદી તેમજ તેમની ટીમ દ્વારા કરવામા આવેલ સમાજ લક્ષી કામોની પ્રસંશા કરવામા આવી હતી અને સમગ્ર ટીમને સન્માન સાથે વિદાય આપવામા આવી હતી.

# ફાયરસેફ્ટી મુદ્દે કડક વલણ : ખેડબ્રહ્મા નગર પાલિકાએ ફાયરસેફ્ટી મુદ્દે ૫૫ એકમોને નોટિસ આપી

## ખેડબ્રહ્મા પાલિકા ધ્વારા શહેરી વિસ્તારમાં ૨ હોટેલ, ૯ હેઝર્ડ અને હાઇ હેઝર્ડ એકમો, ૨ હાઇ રાઈઝ બિલ્ડીગ, ૧૦ મરકાંટાઇલ એકમો, ૧૩ શૈક્ષણિક સંસ્થાઓ અને ૧૮ હોસ્પિટલ સહિત ૫૫ એકમોને નોટિસ આપવામાં આવી છે, ૫ હોસ્પિટલોએ એન.ઓ.સી. રજૂ કરી છે

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૦૭

ખેડબ્રહ્મા સહિત સાબરકાંઠા જિલ્લામાં શાળા-કોલેજો , હોસ્પિટલમાં , વાણિજ્ય એકમો સહિત સરકારી અર્ધસરકારી કચેરીઓમાં અવારનવાર આગ લાગવાની ઘટનાઓ અખબારોમાં સતત પ્રકાશિત થતી જોવા મળી રહી છે ત્યારે ગુજરાત હાઈકોર્ટે સરકાર ઉપર ફીટકાર લગાવી ફાયર સેફ્ટીના મુદ્દે કડક વલણ અપનાવવાની સૂચનાઓ આપ્યા બાદ સરકારી તંત્ર હરકતમાં આવ્યું હોય તેમ સ્પષ્ટ પણે જણાઈ રહ્યું છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા નગર પાલિકાએ ૫૫ એકમોને ફાયર સેફ્ટી મુદ્દે કડક વલણ અપનાવી નોટિસ ફટકારી હતી. ખેડબ્રહ્મા નગર પાલિકાએ જુદા જુદા વાણિજ્ય એકમો, પેટ્રોલ પમ્પ, હોસ્પિટલ, સ્કૂલ સહિત ૫૫ એકમોને નોટિસ આપી હતી.

સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર ખેડબ્રહ્મા નગર પાલિકાએ જુદા જુદા વાણિજ્ય એકમો, પેટ્રોલ પમ્પ, હોસ્પિટલ, સ્કૂલ સહિત ૫૫ એકમોને ફાયર સેફ્ટી મુદ્દે નોટિસ ફટકારી છે પાલિકા ધ્વારા એન.ઓ.સી. નહીં રજૂ કરનાર એકમોની મિલકત સીલ કરવાની તાકીદ કરતા એન ઓ સી વગરના એકમોના માલિકો મા ફફડાટ વ્યાપી ગયો છે. ખેડબ્રહ્મા નગર પાલિકા ધ્વારા શહેરી વિસ્તારમાં આગ હોનારત તેમજ કુદરતી હોનારતને ધ્યાનમાં રાખીને શહેરના જાહેર એકમોમા એન ઓ સીના ધરાવતા એકમોના માલિકો સામે તવાઈ બોલાવી છે. ખેડબ્રહ્મા પાલિકા ધ્વારા શહેરી વિસ્તારમાં ૨ હોટેલ, ૯ હેઝર્ડ અને હાઈ હેઝર્ડ એકમો, ૨ હાઈ રાઈઝ બિલ્ડીંગ, ૧૦ મરકાંટાઈલ એકમો, ૧૩ શૈક્ષણિક સંસ્થાઓ અને ૧૮ હોસ્પિટલ સહિત ૫૫ એકમોને નોટિસ આપવામાં આવી છે અને એન.ઓ.સી મેળવી પાલિકામાં રાજુ કરવા તાકીદ કરવમાં આવેલ છે. જેમાં ૫ હોસ્પિટલોએ એન.ઓ.સી. રજૂ કરી દીધી હતી.

# પ્રાંતિજના સોનાસણ ખાતે હાઈડ્રો લોડર મશીન ચાલકે એક ઈસમને કચડયો

## સોનાસણ નિયો ઈસ્પાટ પ્રા.લિમિટેડ કંપનીના કમ્પાઉન્ડમા ઘટના બની : ખાટલામા સુતેલ ઈસમ ઉપર હાઇડ્રો લોડર મશીન ચઢાવી દેતા રાજસ્થાનના ઇસમનુ સારવાર દરમ્યાન મોત : અજાણ્યા મશીન ચાલક વિરૂધ્ધ પોલીસ ફરિયાદ થઇ

પ્રાંતિજ તા.૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સોનાસણ ખાતે આવેલ કંપનીના કમ્પાઉન્ડમાં અજાણ્યો હાઈડ્રો લોડર મશીન ચાલક પુરઝડપે ગફલતભરી રીતે હંકારી લાવી ખાટલા મા સુતેલ ઈસમ ઉપર હાઈડ્રો લોડર મશીન ચઢાવી દેતા શરીરે ગંભીર રીતે ઈજાઓ પોહચાડી મોત નિપજાવી ભાગીજતા અજાણ્યો મશીન ચાલક વિરૂધ્ધ પોલીસ ફરિયાદ થઈ.

પ્રાંતિજના સોનાસણ ખાતે આવેલ નિયો ઈસ્પાટ પ્રા.લિમિટેડ કંપનીના કમ્પાઉન્ડમાં અજાણ્યો હાઈડ્રો લોડર મશીન નંબર-GJ09AF-0893નો અજાણ્યો ચાલક પુરઝડપે ગફલતભરી રીતે અને બેદરકારી થી હંકારી લાવી કંપનીના કમ્પાઉન્ડમાં ખુલ્લા મા ખાટલો ઢાળીને સુતેલ શુગનારામ જીવનરામ મેગવાલ હાલ રહે. નિયો ઈસ્પાટ પ્રા.લિમિટેડ કંપનીમા, મુળ રહે - ઝલામલીયા, રાની ગામ, થાણા-ગચ્છીપુરા, તા-મકરાણા, જી. નાગોર (રાજસ્થાન) ના ખાટલા ઉપર ચઢાવી દઈ શરીરે ઈજાઓ પોહચાડી અજાણ્યો ચાલક ભાગી ગયો હતો તો ઈજા ગસ્ત શુગનારામ જીવનરામ મેગવાલ ને સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા જયા સારવાર દરમ્યાન મોત નિપજયુ હતુ તો આ અંગેની ફરીયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ગીરધારીલાલ હાલ રહે. નિયો ઈસ્પાટ પ્રા.લિમિટેડ કંપનીમા, મુળ રહે. રાજસ્થાન દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે અજાણ્યા હાઈડ્રો લોડર મશીન ના ચાલક વિરૂધ્ધ આઈપીસી કલમ ૨૭૯, ૩૦૪,(અ),૩૩૭ તથા એમ.વી. એકટ કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪,(બી) મુજબ ગુનો નોંધી આગળ ની કાર્યવાહી હાથ ધરી.

# અરવલ્લીમાં શૌચાલય બનાવનારા કોન્ટ્રાક્ટરોની ડિપોઝીટ દોઢ વર્ષથી સલવાઈ

## અનેક એજન્સીઓની મુશ્કેલી વધી, તંત્ર ઉવાચ : ગ્રાન્ટ આવી છે, માગણી કરશે તો આપીશું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

અરવલ્લી જિલ્લામાં ખુલ્લામાં શૌચમુક્ત ગામ યોજના હેઠળ ૧ લાખથી વધુ શૌચાલય બનાવ્યા. એક શૌચાલય બનાવવા પાછળ રૂા.૧૨,૦૦૦ની ગ્રાન્ટ આપવામાં આવતી હતી તેમાંથી રૂા.૧૨૦૦ ડિપોઝીટ બાદ કરી એજન્સી, કોન્ટ્રાક્ટરોએ ગ્રાન્ટનું ચૂકવણું કરવામાં આવ્યું અને દોઢ વર્ષ સુધી ડિપોઝીટ પરત ન અપાતાં એજન્સીઓમાં રોષ છવાયો છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકનો સંપર્ક કરતાં તેઓએ ગઈકાલે જ ગ્રાન્ટ આવી છે તેમ જણાવી ડિપોઝીટની પરત માગણી કોઈએ કરી નથી અને માંગણી કરશે તો આપીશું તેમ જણાવ્યું છે.

શૌચ મુક્ત ગામ યોજના અનેક વિસ્તારોમાં તાયફો બની ગઈ હતી કેટલાક વિસ્તારોમાં ગુણવત્તા પ્રમાણે કામો થયા તો ક્યાંક ઉબાળીયું થયું. કેટલાક વિસ્તારોમાં તો માત્ર કાગળ ઉપર શૌચાલય બનાવી ગ્રાન્ટો ઓહીયા કરી દેવામાં આવી હતી. પરંતુ કહેવત છે કે સૂકા ભેગું લીલું બળે તે ઉક્તિ અનુસાર યોજનાકીય શૌચાલયોમાં અનેક કોન્ટ્રાક્ટરો અને એજન્સીઓ ઉપર છાંટા ઉડ્યા તો કેટલાક વિસ્તારોમાં ભ્રષ્ટ તંત્ર અને એજન્સીઓની મીલીભગત પણ નજર અંદાજ ન કરી શકાય. જિલ્લામાં એન.ઓ.એલ.બી. યોજના હેઠળ દરેક તાલુકામાં સરેરાશ ૧૨ થી ૨૦ હજાર શૌચાલયો બનાવવામાં આવ્યા. શૌચાલય દીઠ રૂા.૧૨,૦૦૦ની ગ્રાન્ટ આપવામાં આવી હતી પરંતુ કામની ગુણવત્તા કેવી છે, ખરાબ હોય તો રીપેરીંગ માટે શૌચાલય દીઠ રૂા.૧૨૦૦ની ડિપોઝીટ તંત્રએ પોતાને હસ્તક રાખી હતી જેમાં કેટલીક એજન્સીના જણાવ્યા અનુસાર અમે ગુણવત્તાયુક્ત શૌચાલયો બનાવ્યા અને અમારી ડિપોઝીટ છેલ્લા દોઢ વર્ષથી આપવામાં આવતી નથી. કોરોનાના કપરા કાળમાં અમારા ધંધા-રોજગાર ઠપ્પ થઈ ગયા છે જેથી એન.ઓ.એલ.બી. યોજના હેઠળ રીઝર્વ રાખવામાં આવેલી અમારી ડિપોઝીટ પરત થાય તેવી માંગ કરી છે.

## અવસાન નોંધ..



બાયડ : બાયડ ગામના મનુભાઈ પટેલ(નિવૃત્ત અધિકારી : એ.પી.એમ.સી., બાયડ), બિપીનભાઈ પટેલ(શિક્ષક : ખાનકૂવા હાઈસ્કુલ), જયાબેન પટેલ(નિવૃત્ત શિક્ષક : સારસ્વત હાઈસ્કુલ-બાયડ)ના ભાઈ ધીરૂભાઈ ભીખાભાઈ પટેલનું દુઃખદ નિધન થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું આજે તા.૭ જુલાઈ-૨૦૨૧, બુધવારના રોજ સવારે ૯-૦૦ થી ૨-૦૦ અમારા નિવાસસ્થાન સ્વામિનારાયણ મંદિર ઢાળ ઉપર, બાયડ ગામમાં રાખેલ છે.

•••



બાયડ : બાયડના અગ્રણી વેપારી ઉમેશકુમાર ગોરધનદાસ શાહ(કોટીયર્ક વાસણ ભંડાર)નાં પત્નિ સુનિતાબેન શાહનું તા.૬ જુલાઈ, મંગળવારે દુઃખદ નિધન થયેલ છે.

# ગંભીરપુરાના રહેણાંક મકાનમાંથી રૂ. ૨૨ હજારના ગાંજાનાં જથ્થા સાથે મહિલાની અટકાયત

ઈડર,હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૦૬

સાબરકાંઠા એસઓજી પોલીસે બાતમીના આધારે ઈડરના ગંભીરપુરા ડુંગરની તળેટીમાંથી રહેણાક મકાનમાં સરકારી પંચો સાથે રેડ કરી ગાંજાનો જથ્થો ૨ કિલો ૧૨૧ ગ્રામ કિં રૂ. ૨૨ હજારના જથ્થા સાથે એક મહિલાની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર સાબરકાંઠા એસઓજી પીઆઈ વાય.જે.રાઠોડ સ્ટાફ સહિત ઈડર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રથયાત્રા નિમિત્તે પેટ્રોલિંગમાં હતા દરમિયાન બાતમીના આધારે ઈડર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ શ્રેયસ જીનની સામે , ઘાટી રોડ , ડુંગરની તળેટીમાં ગંભીરપુરા , ઈડર ખાતે રહેતા શાંતિપુરી ભરતપુરી મહંતના રહેણાંક મકાન સરકારી પંચો સાથે રેડ કરી ગેરકાયદેસર માદક પદાર્થ ગાંજાનો જથ્થો ૨ કિલો ૧૨૧ ગ્રામ કિંમત રૂપિયા ૨૨,૧૨૦/- ના મુદ્દામાલ સાથે મહિલા આરોપીને ઝડપી પાડી એન.ડી.પી.એસ એક્ટ કલમ ૦૮ (સી) (બી) ૨૯ મુજબનો ગુનો ઈડર પોલીસ મથક રજિસ્ટર કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી

# પ્રાંતિજ જાયન્ટસ ગૃપ પ્રાંતિજ સહેલી દ્વારા મતાસન ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ

## બાળકોને પ્રોટીન આહાર આપી ચોપડા, પેન્સિલ, રબ્બરનું વિતરણ કરવામા આવ્યુ





પ્રાંતિજ તા.૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કાર્યરત જાયન્ટસ ગુપ પ્રાંતિજ સહેલી દ્વારા મતાસન ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ સહિત બાળકો ને પ્રોટીન આહાર આપી ચોપાડા, પેન્સિલ, રબ્બર આપવામા આવ્યા.

પ્રાંતિજ ખાતે કાર્યરત પ્રાંતિજ જાયન્ટસ ગુપ પ્રાંતિજ સહેલી દ્વારા ગુપના પ્રમુખ વર્ષાબેન ભાવસાર ના સસરા ના જન્મ દિવસ ને લઈ ને જન્મ દિવસની અનોખી રીતે ઉજવણી કરવામા આવી હતી જેમા મતાસન ખાતે પ્રાંતિજ જાયન્ટસ ગ્રુપ સહેલી દ્વારા આયુર્વેદિક વુક્ષો નુ વૃક્ષારોપણ કરી બાળકોને પ્રોટીન આહાર આપી ચોપડા, પેન્સિલ, રબ્બરનુ વિતરણ કરવામા આવ્યુ હતુ જેમા જાયન્ટસ ગ્રુપ પ્રાંતિજ સહેલી મંડળ ના પ્રમુખ સહિત મંડળ ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# બાયડ શહેર ભાજપ અનુ.જાતિ મોરચાના પ્રમુખ-મંત્રી નિમાયા



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

બાયડ શહેર ભાજપ અનુ.જાતિ મોરચાના પ્રમુખ મેહૂલકુમાર કાળાભાઈ સોલંકી, મહામંત્રી મેહૂલકુમાર અમરતભાઈ સોલંકીની નિયુક્તિ કરાતાં બાયડ શહેરમાં ખુશાલી જોવા મળી. બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ જી. પટેલ, બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ, દંડક ભાવનાબેન જોષી, બાયડ શહેર ભાજપ યુવા મોરચા પ્રમુખ તપનભાઈ પટેલ સહિત ભાજપના કોર્પોરેટરો અને આગેવાનોએ તેમને અભિનંદન પાઠવ્યા હતા.

# શ્રી હિંમત હાઈસ્કુલ હિંમતનગરમાં ધિરાણ મંડળીમાં નવા હોદ્દેદારોની વરણી



હિંમતનગર, તા. ૬

ધી હિંમત હાઈસ્કુલ કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીમાં ચાલુ વર્ષે કારોબારી સમિતિમાં સર્વાનુમતે નવા હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી. જેમાં ચેરમેન તરીકે શ્રી પી.જે.મહેતા, વાઈસ ચેરમેન તરીકે શ્રી જે.એમ.શાહ, મંત્રી તરીકે શ્રી આર.એમ.પટેલ અને વ્યવસ્થાપક કમિટીના સભ્ય તરીકે શ્રી સી.જે.પટેલની પસંદગી કરવામાં આવી હતી. તેમને શાળા પરિવાર વતી થી ખુબ ખુબ શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# બાયડ તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ તરીકે નિયુક્તિ



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

બાયડ તાલુકા સરપંચ એસોસીએશન પ્રમુખ, પ્રાંતવેલ ગ્રામ પંચાયત સરપંચ અશોકસિંહ ડી. પગીની બાયડ તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ તરીકે નિયુક્તિ કરાતાં બાયડ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ માંનસિંહ સોઢાપરમાર, મહામંત્રી મણીભાઈ પટેલ, મયુરભાઈ પટેલ સહિતના ભાજપના આગેવાન કાર્યકરોએ અભિનંદન આપવાની સાથે તેમનું સન્માન કર્યું હતું.

# જન્મદિને વધામણી



ડૉ.દેવમ્ ડી. સોની
(મેડીકલ ઓફીસર : વાત્રક હોસ્પિટલ)
(પ્રમુખ : જાયન્ટ્સ ગૃપ ઓફ બાયડ)
બાયડ, જિ.અરવલ્લી



મુકેશકુમાર રેવાભાઈ મહેરીયા
(બાયડ એસ.ટી. ડેપો)
(રવિપાર્ક સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



શૌમ્ય દિલીપભાઈ સોલંકી
જૂનીવાસણી, તા.બાયડ



જયપ્રકાશ સોની
મોડાસા, જિ.અરવલ્લી



વિક્રમભાઈ કે. પટેલ
(વાઘવલ્લા પ્રા.શિક્ષક)
(છપૈયાધામ રેસીડેન્સી)
બાયડ, જિ.અરવલ્લી



એડવોકેટ શૈલેષભાઈ પટેલ
માધવકંપા, તા.બાયડ



શીતલકુમાર બી. જયસ્વાલ
(વલ્લભનગર સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



નવીન પટેલ
લાલપુર(સરડોઈ),
તા.મોડાસા